# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે પ્રધાન મંત્રી  કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત જીવંત પ્રસારણનો કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે "પ્રધાન મંત્રી  કિસાન સન્માન નિધિ યોજના" અંતર્ગત તા. ૨૭.૭.૨૦૨૩ને ગુરૂવારનાં રોજ માન.કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયાનાં માર્ગદર્શન હેઠળ જીવંત પ્રસારણનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં કુલ ૮૦ જેટલા ખેડૂતભાઇઓ અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક (પશુ પોષણ) ડો. એસ. બી. કાટોલે દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત તેમજ પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યુ, વધુમાં તેઓએ તેમનાં વ્યક્તવ્યમાં પશુપાલનમાંથી મહ્ત્તમ આવક મેળવવા અનુરોધ કર્યો તેમજ પાલતુ પશુઓનું સ્વાસ્થ્ય જાળવવા અને ઉત્પાદન વધારવા બાબતે વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી. આ ઉપરાંત તેઓએ પાલતુ પશુઓ અને પર્યાવરણ માટે પ્લાસ્ટિક હાનીકર્તા હોય તે બાબતે સજાગ રહેવા જણાવેલ. આ કેન્દ્રના પાક સંરક્ષણ વૈજ્ઞાનિક ડો. આર. એમ. પટેલ દ્વારા પર્યાવરણની સુરક્ષા હેતુ પાકૃતિક ખેતી અપનાવવા તેમજ ખેતી ખર્ચ ઘટાડવા બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. આ બાબતે તેઓએ રોગ–જીવાતનાં નિયંત્રણ માટે વિવિધ બીન રાસાયણીક પધ્ધતિઓ અપનાવવા જણાવ્યુ.

વધુમાં સીકર, રાજસ્થાનથી પ્રસારિત કરવામાં આવેલ પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત જીવંત પ્રસારણનાં કાર્યક્રમને સર્વેએ નિહાળ્યો હતો. જેમાં શુભારંભ થતી ખેડૂત ઉપયોગી નવી યોજનાઓ વિષે ખેડૂતો માહિતગાર થયા તેમજ તેઓએ હર્ષની લાગણી અનુભવી.

આ કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન કેવિકેનાં કર્મચારીગણ દ્વારા કરવામાં આવેલ.


